GJSR010018592026

| | | |
|---|---|---|
| રજૂ તારીખ | : | ૧૧.૦૨.૨૦૨૬ |
| દાખલ તારીખ | : | ૧૧.૦૨.૨૦૨૬ |
| ફેંસલ તારીખ | : | ૦૧.૦૭.૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ ૦ માસ ૪ દિવસ ૨૦ |

આંક–..........

सत्यमेव जयते

## **સુરતના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, મુ.સુરત**

**ફોજદારી ફેરતપાસ અરજી નં.૯૭/૨૦૨૬**

અરજદારઃ **એક્સીસ બેંક લિમિટેડ,**
ઠે. ૩૨૮, આદર્શ ટાવર્સ, કોન્નુર હાઈ રોડ,
અયનવારમ, ચેન્નાઈ.

વિરુદ્ધ

સામાવાળાઓઃ(૧) **શ્રી સરકાર.**

(૨) **સુશાંત મુકેશકુમાર ગુપ્તા**
ઠે. ફ્લેટ નં.૭૦૬, સન ફ્લાવર બીર,
અલથાણ ભીમરાડ ચેકપોસ્ટ,
આગમ હાઈટ્સ, સુરત.

**અરજીઃ** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૩૮ હેઠળ ફેરતપાસ અરજી.**

અરજદાર તરફે વિ.ધારાશાસ્ત્રી સુ.શ્રી બી.આર.સોની
સામાવાળા નં.૧ તરફે વિ.એ.પી.પી.શ્રી આર.પી.ડોબરીયા
સામાવાળા નં.૨ ગેરહાજર.

## ચૂકાદો

**(૧)** સામાવાળા નં.૨ દ્વારા કરવામાં આવેલ ફોજદારી પરચુરણ અરજી નં.૯૭૮૦/૨૦૨૫ ના કામે સુરતના વિ.૧૪મા એડિશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીએ તારીખઃ ૦૭.૧૨.૨૦૨૫ ના રોજ કરેલ હુકમથી નારાજ થઈને અરજદાર બેંક તરફે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૩૮ અન્વયે હાલની ફેરતપાસ અરજી કરવામાં આવેલ છે.

**(૨)** અરજદારની ફેરતપાસ અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, ઉપરોક્ત તકરારી હુકમ અન્વયે અરજદાર બેંકમાં ચાલી આવેલ ખાતા નં.૯૯૭૫૨૦૦૦૦૦૫૫૫૪ (મેઈન એકાઉન્ટ નં.૯૨૨૦૨૦૦૫૦૯૫–૯૯૭૫) માંથી ₹૩૦,૦૦૦/– સામાવાળા નં.૨ ના ખાતામાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવેલ છે. પરંતુ ઉપરોક્ત ખાતા નં.૯૯૭૫૨–૦૦૦૦૦૫૫૫૪ માં આજની તારીખે ₹૧૭,૪૪,૧૫,૨૦૦–૭૦ પૈસાનું ક્લોઝીંગ બેલેન્સ છે, જ્યારે આ જ ખાતામાં અન્ય સાયબર ફ્રોડના કેસના અથવા અન્ય ફોજદારી કેસોના ₹૨૩,૭૯,૬૭,૭૫૦.૧૦ ની રકમના જુદા જુદા લીયન પેન્ડીંગ છે, જે કારણે તેઓ નામદાર કોર્ટના હુકમ મુજબની રકમ સામાવાળા નં.૨ ના ખાતામાં જમા કરી શકે તેમ નથી. અરજદાર બેંકને ઉપરોક્ત અરજીના કામે પક્ષકાર બનાવવામાં આવેલ નથી કે તેને

સાંભળવાની તક આપવામાં આવેલ નથી. આ કારણે તેઓ સત્ય હકીકત નામદાર કોર્ટ સમક્ષ રજૂ કરી શકેલ નથી. અરજદાર બેંકને કોઈ પણ પક્ષકાર સાથે વ્યક્તિગત હિત નથી. પરંતુ ઉપરોક્ત ખાતામાંથી જુદી જુદી વ્યક્તિઓએ રકમની માંગણી કરેલ હોઈ અને જુદા જુદા હુકમો અન્વયે ઉપરોક્ત રકમ લીયનમાં હોઈ, તેઓ નામદાર કોર્ટના હુકમનો અમલ કરી શકે તેમ નથી. જેથી નામદાર ટ્રાયલ કોર્ટનો હુકમ કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો વિરુદ્ધનો હોઈ, સદર હુકમ રદ કરવા વિકલ્પે તેમાં જરૂરી સુધારો કરવા દાદ માંગેલ છે.

(૩) અરજદારની અરજી અન્વયે સામાવાળાઓને નોટિસ કરતા સામાવાળા નં.૧ તરફે વિ.એ.પી.પી.શ્રી આર.પી.ડોબરીયા હાજર થયેલ છે, જ્યારે સામાવાળા નં.૨ હાલની ફેરતપાસ અરજીના કામે હાજર રહેલ નથી. પક્ષકારોના વિ.વકીલશ્રીઓની રજૂઆત સાંભળી તેમજ રેકર્ડ વંચાણે લીધું.

(૪) દલીલના તબક્કે અરજદાર તરફેના વિ.ધારાશાસ્ત્રી સુ.શ્રી બી.આર.સોનીની રજૂઆત છે કે, નામદાર કોર્ટના હુકમ મુજબ, એકાઉન્ટ ડિફ્રીજ કરી ભોગ બનનારને રકમ ચૂકવવામાં આવે તો તે સામે તેમને વાંધો નથી. પરંતુ નામદાર ટ્રાયલ કોર્ટ દ્વારા ઉપરોક્ત અરજી ફેંસલ કરતા અગાઉ અરજદાર બેંકને નોટિસ કાઢીને સદર પ્રોસીડીંગ્સમાં પોતાની રજૂઆત કરવાની તક આપવામાં આવેલ નથી. આ અંગે ટ્રાયલ કોર્ટ રૂબરૂ અરજદાર બેંકને વિવાદીત હુકમ સંદર્ભે રજૂઆત કરવાની તક મળે તો તે શું ઓબ્જેક્શન લેવા માંગે છે, તે અંગે સત્ય હકીકત રેકર્ડ પર લાવી શકે છે. વિ.વકીલશ્રની

રજૂઆત મુજબ, પ્રસ્તુત કેસમાં ફ્રિઝ થયેલા એકાઉન્ટમાં ગુજરાત સિવાય અન્ય રાજ્યોમાં થયેલ ફોજદારી કેસો સંદર્ભે પણ જુદી જુદી રકમ ફ્રિઝ કરવાનો હુકમ થયેલ છે. જેથી વિવાદીત હુકમ કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરુદ્ધનો હોઈ, તેને રદ કરવાની રજૂઆત કરવામાં આવેલ છે.

**(૫)** સામાવાળા નં.૧ તરફે વિ.ધારાશાસ્ત્રીશ્રી વિ.એ.પી.પી.શ્રી આર.પી.ડોબરીયાની રજૂઆત મુજબ, વિવાદીત હુકમમાં કોઈ મહત્વની ક્ષતિ ન હોઈ અને તેમાં હસ્તક્ષેપની આવશ્યકતા ન હોઈ, અત્રેની અદાલત દ્વારા ફેરવિચારણાની હકૂમતનો ઉપયોગ કરવાની આવશ્યકતા નથી, જેથી હાલની ફેરતપાસ અરજી રદ કરવા રજૂઆત કરેલ છે.

**(૬)** આ પ્રકરણની હકીકતો, રજૂ થયેલ પેપર્સ, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો તેમજ પક્ષકારોના વિ.ધારાશાસ્ત્રીઓએ કરેલ દલીલોને ધ્યાનમાં લેતાં, હાલની ફેરતપાસ અરજીના ન્યાયી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ-

**૧.** શું અરજદાર સાબિત કરે છે કે, ફોજદારી પરચુરણ અરજી નં.૯૭૮૦/૨૦૨૫ ના કામે સુરતના વિ.૧૪મા એડિશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીએ તારીખઃ ૦૭.૧૨.૨૦૨૫ ના રોજ કરેલ હુકમ શુદ્ધતા, કાયદેસરતા અને ઔચિત્ય વગરનો છે અને તેમાં હસ્તક્ષેપ કરવો જરૂરી છે?

**૨.** શું હુકમ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છેઃ–

**૧.** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

## કા ર ણો

(૮) **મુદ્દા નં.૧ અને ૨ :–**

અરજદારે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૩૮ ની જોગવાઈ હેઠળ હાલની ફેરતપાસ અરજી કરેલ છે, જે સંબંધે રીવિઝનલ અદાલતનું કાર્યક્ષેત્ર સિમિત છે. આ અંગે નીચેના ચૂકાદાઓનો ઉલ્લેખ કરવો જરૂરી જણાય છેઃ–

**[i] કે. રવિ. વિ. તામિલનાડુ રાજ્ય – ૨૦૨૪(૦) એ.આઈ.આર. (એસ.સી.) ૪૦૭૪** ના ચૂકાદામાં ઠરાવવામાં આવેલ છે કે,

> ***9.*** *At this juncture, it would be apt to refer to the observations made by this Court in Amit Kapoor V/s. Ramesh Chander and Another, (2012) 9 SCC 460 explaining the scope of Section 397 Cr.P.C. It was held that-*
>
> *12. Section 397 of the Code vests the court with the power to call for and examine the records of an inferior court for the purposes of satisfying itself as to the legality and regularity of any proceedings or order made in a case. The object of this*

*provision is to set right a patent defect or an error of jurisdiction or law. There has to be a well-founded error and it may not be appropriate for the court to scrutinise the orders, which upon the face of it bears a token of careful consideration and appear to be in accordance with law. If one looks into the various judgments of this Court, it emerges that the revisional jurisdiction can be invoked where the decisions under challenge are grossly erroneous, there is no compliance with the provisions of law, the finding recorded is based on no evidence, material evidence is ignored or judicial discretion is exercised arbitrarily or perversely. These are not exhaustive classes, but are merely indicative. Each case would have to be determined on its own merits.*

*13. Another well-accepted norm is that the revisional jurisdiction of the higher court is a very limited one and cannot be exercised in a routine manner. One of the inbuilt restrictions is that it should not be against an interim or interlocutory order. The Court has to keep in mind that the exercise of evisional jurisdiction itself should not lead to injustice ex facie. Where the Court is dealing with the question as to whether the charge has been framed properly and in accordance with*

*law in a given case, it may be reluctant to interfere in exercise of its revisional jurisdiction unless the case substantially falls within the categories aforestated. Even framing of charge is a much advanced stage in the proceedings under the CrPC.*

***10.*** *Thus, the scope of interference and exercise of jurisdiction under Section 397 Cr.P.C. is extremely limited. Apart from the fact that sub-section 2 of Section 397 prohibits the Court from exercising the powers of Revision, even the powers under sub-section 1 thereof should be exercised very sparingly and only where the decision under challenge is grossly erroneous, or there is non-compliance of the provisions of law, or the finding recorded by the trial court is based on no evidence, or material evidence is ignored or judicial discretion is exercised arbitrarily or perversely by framing the charge. The Court exercising Revisional Jurisdiction under Section 397 should be extremely circumspect in interfering with the order framing the charge, and could not have interfered with the order passed by the Trial Court dismissing the application for modification of the charge under Section 216 Cr.P.C., which order otherwise would fall in the category of an interlocutory order.*

**[ii]** **<u>ભીખીબેન રતિલાલ જોશી વિ. કાંતિલાલ પુંજાભાઈ પરમાર અને બીજા – ૨૦૦૧(૨) જી.એલ.એચ. ૧૦૯</u>** ના ચૂકાદામાં ઠરાવવામાં આવેલ છે કે,

> "*while adjudicating the revision application appellate court has only to address himself to the question whether finding of the trail court are (1) palpably wrong (2) manifestly erroneous or (3) demonstrably unsustainable and there has been resultant miscarriage of justice.*"

**[iii]** **વધુમાં <u>હાથાજી હેમચંદજી ઠાકોર વિ. અમરતજી રૂપસિંહજી ઠાકોર અને બીજા – ૨૦૦૮(૩) જી.એલ.એચ. (યુ.જે.)</u>** ના ચૂકાદામાં ઠરાવવામાં આવેલ છે કે,

> "*while exercising revisionary powers the interference with the order passed by the trial court is limited only to exceptional cases (1) when it suffers from glaring illegality or (2) has caused miscarriage of justice (3) when it is found out that trial court has overlooked the material evidence.*"

(૯) ઉપરોક્ત ચૂકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંતોને અનુસક્ષીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૩૮ ની જોગવાઈ, અરજદારની ફેરતપાસ અરજીની વિગતો, બંને પક્ષકારોના વિ.ધારાશાસ્ત્રીઓ દ્વારા કરવામાં આવેલ દલીલો, રેકર્ડ પર રજૂ કરવામાં આવેલા દસ્તાવેજી

પુરાવા તેમજ ટ્રાયલ કોર્ટનો તકરારી હુકમ વંચાણે લેતાં એ હકીકત ફલિત થાય છે કે, અરજદાર તરફે કરવામાં આવેલ રજૂઆત સંદર્ભે અત્રેની અદાલત કોઈ આદેશ કરવા સમક્ષ નથી. કારણ કે, વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા વિવાદીત હુકમ ભોગ બનનારની સાયબર સેલમાં કરવામાં આવેલ ફરિયાદના અનુસંધાને તપાસ કરનાર અધિકારીના અભિપ્રાયને ધ્યાને લઈને કરવામાં આવેલ છે. વિશેષમાં તપાસ કરનાર અધિકારી દ્વારા એવી રજૂઆત કરવામાં આવેલ કે, ભોગ બનનારની અરજી ભારત સરકારના નેશનલ સાયબર ક્રાઈમ રીપોર્ટીંગ પોર્ટલ હેઠળ શરૂ કરવામાં આવેલ સવલતના અનુસંધાને છે અને તપાસ કરનાર અધિકારીના અભિપ્રાયમાં ફરિયાદીના ખાતામાંથી નાણાં ઉપાડી શંકાસ્પદ ખાતામાં ટ્રાન્સફર થયાનું જણાવવામાં આવેલ છે. જે સંદર્ભે કોઈ ફોજદારી ફરિયાદ થયાનું રેકર્ડ પર આવેલ નથી. અન્ય કોઈએ પણ આ નાણાં અંગે ક્લેઈમ કરેલ નથી તેમજ બેંક ખાતું બનાવટી હોવાનું અને ખાતું સીઝ કર્યા બાદ ખાતેદારે અથવા તો અન્ય કોઈ વ્યક્તિએ ખાતું સીઝ કર્યા બાબતે વાંધો કે તકરાર ઉઠાવેલ નથી, તેવો સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. જે જોતાં નાણાં ફરિયાદી (સામાવાળા નં.૨) ના ખાતામાંથી શંકાસ્પદ ખાતામાં ગયાનું સ્પષ્ટ થાય છે. વધુમાં તકરારી હુકમમાં જણાવવામાં આવેલ છે કે, સદર તકરારી નાણાં બાબતે શંકાસ્પદ ખાતાધારક કોઈ કાર્યવાહી કરે તો અરજદારે સદર રકમ પરત જમા કરાવવી. અત્રે એ હકીકત પણ નોંધનીય છે કે, વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ અન્ય કોઈ સક્ષમ અદાલતનો કે કોઈ ઑથોરીટીનો વિપરીત હુકમ રજૂ કરવામાં આવેલ નથી અને વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ એ વચગાળાની કસ્ટડીનો હોઈ, સદર કોર્ટ અથવા સક્ષમ કોર્ટ દ્વારા કરવામાં આવેલ ન્યાયિક હુકમને અનુરૂપ જ સદર હુકમ રહે. જેથી નામદાર સર્વોચ્ચ

અદાલતના ચૂકાદાઓથી પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતોને ધ્યાને લેતાં તેમજ કાયદાકીય જોગવાઈઓને ધ્યાને લેતાં, વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમમાં કોઈ ક્ષતિ અથવા મહત્વપૂર્ણ તૃટિ જણાતી નથી; પરીણામે, તકરારી હુકમમાં કોઈ હસ્તક્ષેપ કરવો જરૂરી જણાતો ન હોઈ, **મુદ્દા નં.૧** નો નિર્ણય '**નકાર**' માં ઠરાવી, મુદ્દા નં.૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છેઃ-

## હુકમ

અરજદારની ફોજદારી ફેરતપાસ અરજી નં.૯૭/૨૦૨૬ આથી **નામંજૂર** કરવામાં આવે છે.

આ હુકમની જાણ સંબંધકર્તાઓને કરવી.

આ ચૂકાદો આજરોજ તારીખઃ **૧લી** માહે **જુલાઈ**, સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/-
**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

DPP